# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળથી પીએમ કિસાન યોજનાનો 23-મો હપ્તો જાહેર કરશે.**
2. **રાજ્યમાં સંરક્ષણ ક્ષેત્રે નવીનતા, સ્ટાર્ટઅપ્સ, ઉભરતી ટેકનોલોજીના વિકાસ અને MSMEsને પ્રોત્સાહન આપવા એક પરિષદ યોજાઇ.**
3. **કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં રાજ્યની 15 શાળાઓ રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામી.**
4. **હવામાન વિભાગે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ અને વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરી.**
5. **ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડે મેચ આજે ચેન્નાઈમાં રમાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM KISAN SANMAN NIDHI

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળથી પીએમ કિસાન યોજનાનો 23-મો હપ્તો જાહેર કરશે. તે અંતર્ગત રાજ્યના 51 લાખ 28 હજારથી ખેડૂતોને એક હજાર 25 કરોડ રૂપિયાથી વધુની સહાય મળશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.**

## (VOICECAST: SHIVANGI TRIVEDI)

(... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના હુગલી તારકેશ્વર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 23-મો હપ્તો જાહેર કરશે. તે અંતર્ગત દેશભરના નવ કરોડ 44 લાખથી વધુ ખેડૂત પરિવારને આજે 18 હજાર 880 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાશે. તે અંતર્ગત રાજ્યના 51 લાખ 28 હજારથી વધુ ખેડૂતોને આજે સહાય મળશે. આ પ્રસંગે શ્રી મોદી દેશભરના ખેડૂતો સાથે વર્ચ્યૂઅલ માધ્યમથી સંવાદ કરી સંબોધન પણ કરશે. તો, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ યોજાશે. દરમિયાન આજે રાજ્યભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, માર્કેટ યાર્ડ અને ગ્રામ્યસ્તરે પ્રધાનમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ દર્શાવાશે. શિવાંગી ત્રિવેદી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# GCCI – DEFENSE SEMINAR

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી **(GCCI)** ખાતે 'સંરક્ષણમાં નવીનતા, સ્ટાર્ટઅપ્સ અને ઉભરતી ટેકનોલોજીઓ' વિષય પર એક ઉચ્ચ સ્તરીય પરિષદ યોજઈ હતી.

આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ સંરક્ષણ સપ્લાય ચેઇનમાં **MSMEs** અને સ્ટાર્ટઅપ્સની ભાગીદારી વધારવી, નવી ટેકનોલોજીના વિકાસને પ્રોત્સાહન આપવું અને સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ તથા સંશોધન સંગઠનો વચ્ચે મજબૂત સહયોગનું માળખું તૈયાર કરવાનું હતું.

આ કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ, લશ્કરી નિષ્ણાતો, નિવૃત્ત સશસ્ત્ર દળોના અધિકારીઓ, શિક્ષણવિદો અને સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ભારતના સશસ્ત્ર દળોને વધુ આધુનિક બનાવવા માટે સ્વદેશી ટેકનોલોજીના વિકાસ અને તેના વ્યાપારીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઇલેક્ટ્રોનિક્સ અને ક્વોલિટી ડેવલપમેન્ટ સેન્ટર **(EQDC)**ના ડિરેક્ટર તથા ગુજરાત સરકારના સંયુક્ત ટેકનિકલ સલાહકાર ડૉ. નીલ શ્રીમાળીએ આત્મનિર્ભર ભારતના સંદર્ભમાં ખાનગી ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું કે રાજ્ય સ્તરે સ્ટાર્ટઅપ્સ માટેના પડકારોને ઓળખી તેનો ઉકેલ લાવવા માટે સક્રિય પ્રયાસો કરાઇ રહ્યા છે. તેમણે વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ 2026 હેઠળ ઉપલબ્ધ લાભો પર પણ પ્રકાશ પાડ્યો અને ઉદ્યોગોને તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા.

ચર્ચા દરમિયાન કૃત્રિમ બુદ્ધિમત્તા **(AI),** માનવરહિત પ્રણાલીઓ**,** અદ્યતન સામગ્રી અને નવી પેઢીની સંરક્ષણ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં **MSMEs** અને સ્ટાર્ટઅપ્સની ભૂમિકાને મહત્વ આપવામાં આવ્યું હતું.

આ પરિષદે ગુજરાતને ભારતના સંરક્ષણ ઉત્પાદન અને નવીનતા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું પૂરું પાડ્યું છે.

# ARAVALLI SHVR

શિક્ષણ મંત્રાલય દ્વારા સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં રાજ્યની 15 શાળા રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામી છે. તેમાંથી એક શાળા અરવલ્લીના માલપુર તાલુકાની જીતપુર શાળા પણ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત શાળાઓને સ્વચ્છતા. હરિયાળી, સર્વસમાવેશી, સુરક્ષિત અને ટકાઉ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવા બદલ શાળાએ આ સિદ્ધિ મેળવી છે. આ અંગે અરવલ્લીના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી નૈનેશ દવેએ વધુ માહિતી આપી.

**(BYTE: NAINESH DAVE, DPEO, ARAVALLI)**

# BHAVNAGAR – JITU VAGHANI REVIEW MEETING

કૃષિ મંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુ વાઘાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકાના અંદાજે એક હજાર 850 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં ભાવનગર શહેરના ભૌતિક અને સામાજિક આંતરમાળખાથી લઈને નાગરિકોની સુવિધા સુધીના તમામ પાસાઓ પર સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મંત્રી શ્રી વાઘાણીએ મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અંગે પ્રગતિ અહેવાલ મેળવ્યો હતો. અને તમામ વિકાસકામો નિયત સમયમર્યાદામાં અને સહેજ પણ બાંધછોડ વિના ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા સૂચના આપી હતી.

# HARSH SANGHVI – NFSU

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ છેલ્લા **12** વર્ષમાં કૃષિ, અર્થતંત્ર, કાયદો, વ્યવસ્થા, યુવા-મહિલા સશક્તીકરણ ક્ષેત્રે અદભૂત વિકાસ થયો જેના આપણે સૌ લાભાર્થીઓ છીએ.

ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-**NFSU** ખાતે આયોજિત "**NAMO** યુવા સંવાદ: વિકસિત ભારત બ્લ્યુ પ્રિન્ટ કાર્યક્રમને સંબોધતાં શ્રી સંઘવી આએ મુજબ જણાવી સરકારની વિવિધ યોજનાની સફળતા રજૂ કરી હતી. વધુમાં ઉમેર્યું હતું  કે

આ પ્રસંગે તેમણે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેષ જહા લિખિત 'નરેન્દ્ર મોદી એક સર્જક' પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ યુવાનોને સોશિયલ મીડિયા પર ફેલાતી અસત્ય અને વણચકાસાયેલી અફવાઓથી દૂર રહીને વાસ્તવિક હકીકતો જાણવાનો અનુરોધ કરતાં નાગરિકોને સ્વચ્છતા અભિયાનને વધુ સફળ બનાવવા તેમાં પોતાનું યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# PRADYUMAN VAJA TEXTBOOK

શિક્ષણ મંત્રી ડો પ્રદ્યુમન વાજાએ પાઠ્યપુસ્તક બોર્ડના ગોડાઉનની પ્રત્યક્ષ મુલાકાત લઈને પાઠ્યપુસ્તકના પ્રિન્ટિંગ પ્રક્રિયામાં થયેલા વિલંબની સ્થળ તપાસ કરી હતી.

આ મુલાકાત દરમિયાન ડૉ. વાજાએ વિતરણ કામગીરીની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી અને રાજ્યના દરેક વિદ્યાર્થી સુધી પાઠ્યપુસ્તકો ઝડપથી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ આપી. અને બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓ મોડી રાત સુધી કામગીરી કરતાં હોય ટેની પ્રશંસા પણ કરી હતી.

## WEATHER

હવામાન વિભાગે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી સાથે ગાજવીજ અને વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરી છે. મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, વડોદરા અને ખેડા જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરાયું છે, જ્યારે સમગ્ર ગુજરાતમાં વીજળી પડવાની સંભાવના સાથે **40** થી **50** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તાપમાન અંગે હવામાન વિભાગના વડા એ કે દાસે વધુ માહિતી આપી.

**(BYTE – A K DAS, METEOROLOGICAL DEPARTMENT)**

# RAIN

રાજયના વિવિધ જીલ્લામાં ગઇકાલે વરસાદ થયાના અહેવાલ છે. અમરેલી જિલ્લાના દામનગરમાં અડધાથી પોણો ઈંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. જ્યારે ધારી તાલુકાના ધારગણી, દિતલા, ખંભાળીયા, લાખાપાદર, કણેર, વાવડી જેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ છૂટો છવાયો વરસાદ થયો છે. તેમજ ખાંભા ગીરના ગામડાઓમાં વરસાદ થતાં ગરમીથી રાહત મળી છે.

ભાવનગરમાં સાંજે પવન સાથે વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# CRICKET IND VS AFG

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડે મેચ આજે બપોરે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ બપોરે 1.30 વાગ્યે શરૂ થશે.

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમે ધર્મશાળામાં પહેલી વનડે સાત વિકેટથી જીતી હતી. ત્યારબાદ ભારતે લખનૌમાં બીજી વનડેમાં કેપ્ટન શુભમન ગિલ અને ઇશાન કિશનની સદીની મદદથી 170 રનથી વિજય મેળવ્યો હતો.

# SPORTS

**અમદાવાદમાં આજથી એશિયા અને ઓસેનિયા મેન્સ વૉલીબૉલનો પ્રારંભ થશે. નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાનારી આ સ્પર્ધામાં ભારત સહિત એશિયા – ઓસેનિયાના 11 દેશોની ટીમ ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે, ભારત 2 વર્ષ બાદ પહેલીવાર આઅ સ્પર્ધામાં ભાગ લેશે.**

# PAYAL KUKRANI

રાજ્યમાં પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના અંતર્ગત યોજાયેલા કાર્યક્રમ અંગે ભાજપના ધારાસભ્ય પાયલ કુકરાણીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન રોજગારની તકો દરેક યુવાનો સુધી પહોંચે તેવું છે. તેમણે વધુમાં જણાવ્યું કે

**(BYTE - PAYAL KUKRANI)**

# COCONUT PLANTATION

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ચમોડા ગામના ખેડૂત રાજેશ રામે ગુજરાત નારિયેળી વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ નારિયેળી વાવેતર માટે બાગાયત વિભાગ તરફથી સિતેર હજાર રૂપિયાની સહાય મેળવી નારિયેળીનું વાવેતર કરી આવકમાં વધારો કર્યો છે. આ અંગે તેમનો પ્રતિભાવ સાંભળીએ.

**(BYTE: RAJESH RAM, BENEFICIARY FARMER)**

# AHMEDABAD-COLOMBO-FITSAIR-LAUNCH

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી શ્રીલંકાના કોલંબો શહેરને જોડતી ફિટ્સ એર પ્રથમ સીધી ફ્લાઇટનો શુભારંભ કરવામાં આવ્યો. જેનાથી 8 કલાકની મુસાફરી હવે માત્ર 3 કલાકમાં પૂરી થશે. આ ફ્લાઇટ સેવા ભારત-શ્રીલંકા કનેક્ટિવિટીમાં વધારો અને પ્રવાસન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને વ્યાપારિક સંબંધોને પ્રોત્સાહન આપશે. આ પ્રસંગે સનથ જયસૂર્યા સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.